# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## RAJYPAL SHAPATH

રાજભવનમાં આજે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર્સને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલે  સૌપ્રથમ મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષચંદ્ર આર. સોનીને શપથ લેવડાવ્યા હતા અને તેમને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ  માહિતી આયોગના માહિતી કમિશનર પદ માટે સુબ્રહ્મણ્યમ ઐયર, મનોજ પટેલ અને નિખિલ ભટ્ટને શપથ લેવડાવ્યા હતા.

----------------

## CM JUNAGADH LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે જૂનાગઢવાસીઓને ૩૯૭ કરોડ રૂપિયાના ૯૧ વિકાસ કાર્યોની ભેટ આપી હતી.. મુખ્યમંત્રીએ જૂનાગઢ શહેરના આ વિવિધ વિકાસ કાર્યોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વિકાસના કામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ખાસ ભાર મૂક્યો હતો.  રાજ્ય કૃષિ મંત્રી અને જિલ્લા પ્રભારી રાઘવજી પટેલે જૂનાગઢનાં વિકાસને કારણે અનેક લોકો ને રોજગારી

મળશે અને પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

.................

## SAKHI SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે "સખી સંવાદ" કરશે.. ગાંધીનગરના મહાત્મા મંદિર માં આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામીણ બહેનોના સામાજિક ઉત્થાનથી તેમનું જીવન ધોરણ ઊંચું લાવવાના પ્રયાસના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

રાજ્યભરના ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે પ્રત્યક્ષ વાતચીત પણ કરશે..

સખી સંવાદમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે ઉભા કરાશે.

. . . . . . . . . . . . . . . .

## CHOMASU

રાજ્યના ઉત્તર ગુજરાતમાં ગઈકાલે મેઘ મહેર જોવા મળી હતી.. મહેસાણા તાલુકામાં સૌથી વધુ 7 ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. સાથે જ મહેસાણાના વિસનગર અને સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં 6 ઈંચથી

વધુ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત મહેસાણાના વિજાપુર અને જોટાણા, ભરૂચના હાંસોટ, મહીસાગરના લુણાવાડા અને બનાસકાંઠાના વડગામ તાલુકામાં 5-5 ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજરોજ સવારે 6 કલાકની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 59 ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે, કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ 76 ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં 74 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં 69 ટકાથી વધુ, પૂર્વ-મધ્ય ગુજરાતમાં 41 ટકાથી વધુ તેમજ ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો 38 ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

-------------

## DAM NI MAHITI

તાપીના ઉકાઈ ડેમના ઉપરવાસમાંથી પાણીની આવક 72 હજાર 15 કયુસેક થઇ છે.. ઉપરવાસ મહારાષ્ટ્રમાં ભારે વરસાદને પગલે મહારાષ્ટ્રના પ્રકાશા ડેમનાં 8 દરવાજા ખોલાતા ઉકાઇ ડેમમાં પાણીની ભરપૂર આવક થઇ રહી છે.. મહારાષ્ટ્રના પ્રકાશા ડેમ માંથી 87 હજાર 899 ક્યુસેક પાણી છોડાઈ ઉકાઇ ડેમમાં છોડાઇ રહ્યું છે... ડેમનું જળસ્તર 323.13 ફૂટ પર પહોંચ્યું છે. ડેમમાંથી 600 ક્યુસેક પાણી નહેરમાં છોડાઈ રહ્યું છે...ઉકાઈ ડેમનું રુલ લેવલ 333 ફૂટ જ્યારે ભયજનક સપાટી 345 ફૂટની છે.

મહીસાગરના  કડાણા ડેમમાં પાણીની આવકને કારણે  જળ સપાટીમાં સતત વધારો થઇ રહ્યો છે..કડાણા ડેમમાં 35 હજાર કયુસેક પાણી આવક થતાં ડેમની જળ સપાટીમાં એક ફૂટનો વધારો થયો હતો..કડાણા ડેમમાં દર કલાકે 2 ઈંચનો વધારો થતાં કડાણા ડેમની જળ સપાટી હાલ 380 ફૂટે પહોંચી છે..ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન મહેસાણાના ધરોઈ ડેમ માં પાણી ની  આવકને કારણે જળસપાટી 601.63 ફૂટ છે. ડેમમાં પાણીનો જથ્થો 37.90 ટકા નોંધાયો છે. વરસાદ ધીમો પડવાને કારણે હાલમાં 231 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

બીજીતરફ રાજ્યમાં પણ પડેલા ભારે વરસાદના પગલે કચ્છના અબડાસા તાલુકામાં ભારે વરસાદથી નદી નાળા બે કાંઠે વહી રહ્યાં છે..આ ઉપરાંત પાટણ જિલ્લામાં તમામ નવ તાલુકામાં સાર્વત્રિક વરસાદ  વરસ્યો હતો..જેથી નીચાણવાળા ભાગો અને નાળાઓમાં વરસાદી પાણી ભરાયા...ભરૂચ અને ભાવનગરમાં પણ ભારે વરસાદના અહેવાલ મળી રહ્યાં છે.

-----------------

## MEHSANA RAILWAY TICKET

પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો માટે પેમેન્ટની વધુ એક સુવિધા શરૂ કરાઇ છે. મહેસાણાના રેલવે સ્ટેશનથી હવે QR કોડ સ્કેન કરી ટ્રેનની ટીકીટ ખરીદી શકાશે. હાલમાં બે કાઉન્ટર ઉપર સુવિધા શરૂ કરાઇ છે. ડીજીટલ સેવાને વધુ વેગવાન બનાવવા મુસાફરોને

રોકડ રૂપિયાથી છુટકારો મળશે. અમદાવાદ બાદ ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે શરૂઆત કરવામાં આવી છે.

-----------------